પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

## ♣♣♣♣♣દિવાળી અંગેનું જાહેરનામું♣♣♣♣♣

## ♣♣♣♣♣ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ- ૩૩(૧) અન્વયે કાઢેલ હુકમ♣♣♣♣♣

ક્રમાંક: એસ.બી./૧૪/જાહેરનામું/ ૬૯૦૩ /૨૦૨૧

તા. ૨૯/૧૦/૨૦૨૧

હુકમ:-

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો દિવાળી, નવું વર્ષ તથા દેવ દિવાળીના તહેવારો દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઇ જાય છે અને ટ્રાફીક ચકકા જામ થઇ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઇજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે અને રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે બાબતની કાળજી લેવી જરૂરી છે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૨૯/૧૦/૨૦૨૧ના પરિપત્ર નંબર-વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર- ૭૨૮/૨૦૧૫માં થયેલ આદેશ તથા ગાઈડલાઇન અન્વયે તથા ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલીજન્સ ભારત સરકારના તા. ૧૯/૧૦/૨૦૨૦ના પત્ર ક્રમાંક: 50/13/2014-CI(pt.)/4807 મુજબ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે

જેથી હું મનોજ અગ્રવાલ, આઇ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલેસ એક્ટની કલમ ૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છું કે, રાજકોટ શહેરમાં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરરજાથી પો.હેડ કોન્સશ્રીનો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

### ♣♣♣♣♣♣પ્રતિબંધિત કૃત્યો♣♣♣♣♣♣

1. દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રીના ૨૦/૦૦થી ૨૨/૦૦ સુધી જ ફોડી શકાશે.
2. બેસતુંવર્ષના તહેવાર દરમ્યાન ફટાકડા રાત્રીના ૨૩/૫૫થી ૦૦/૩૦ વાગ્યા સુધી ફોડી શકાશે.
3. રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું/ફટાકડા ફોડી કે સળગાવી શકાશે નહી કે આતશબાજી કરી શકાશે નહી.
4. રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઇ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યક્તિ ઉપર ફેકી શકાશે નહી.
5. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/દારૂખાનુ ફોડી શકાશે નહી.
6. સીરીઝમાં જોડાયેલા ફટાકડા(ફટાકડાની લૂમ)(Series Crackers or laris)થી મોટા પ્રમાણમાં હવા, અવાજનું પ્રદૂષણ થતું હોવાથી ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.
7. હાનીકારક ધ્વની પ્રદૂષણ રોકવા માટે માત્ર Petroleum and Explosive Safety Organization (PESO) દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વની સ્તર (Decimal Leval) વાળા જ ફટાકડા વેચી અથવા વાપરી શકાશે આ સિવાયના ફટાકડા વેચી અથવા વાપરી શકાશે નહી.
8. કોઈપણ ઓનલાઈન ઇ-કોમર્સ વેબસાઇટ જેમકે ફ્લીપ-કાર્ટ, એમેઝોન વગેરે પરથી ફટાકડા વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકશે નહી કે ખરીદી કરી શકાશે નહી.
9. Directorate General of Foreign Trade (DGFT) દ્વારા ઇસ્યુ કરેલ લાઇસન્સ થી આયાત કરેલ ફટાકડા સિવાયના તમામ વિદેશી ફટાકડા પ્રતિબંધિત રહેશે.
10. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ના આદેશ મુજબ પરવાનગી આપેલ ફટાકડાનું જ વેચાણ કરવાનું રહેશે.

### ♣♣♣♣♣અમલવારીનો સમય ગાળો♣♣♣♣♣

આ હુકમ તા.૦૧/૧૧/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૧૧/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધીનો રહેશે.

*****પ્રતિબંધિત વિસ્તાર*****

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

*****સજા*****

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

****જાહેર વિજ્ઞપ્તિ****

તમામને વ્યકિતગત રીતે આ નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરુ છુ કે, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ- ૨૯ /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

૨૯/૧૦/૨૧

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર/વડોદરા શહેર/સુરત શહેર.

નકલ રવાનાઃ

(૧) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૨) કલેકટરશ્રી, રાજકોટ શહેર
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૪) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ
(૫) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨ રાજકોટ શહેર.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, પુર્વ વિભાગ/પશ્ચિમ વિભાગ/ક્રાઇમ બ્રાંચ/હેડ કવા./ટ્રાફીક,રાજકોટ શહેર.
(૭) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(પાંચ નકલમાં.. નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક કોપી આપવી)
(૧૦) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૧) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૨) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૩) ચીફ જનરલ મેનેજર શ્રી, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. જુના સચિવાલય, બ્લોક નં- ૧ , ૧ લો માળ ,ગાંધીનગર
(૧૪) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૧૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૧૯) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.
(૨૦) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર.
(૨૦) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા
(૨૧) સબ ડીવીજનલ મેજી.શ્રી, શહેર પ્રાંત તથા ગ્રામ્ય પ્રાંત, રાજકોટ.
(૨૨) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ